<u>ઈ-મેઇલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર

(gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૧૬૫/૨૦૨૩, તા.૦૮/૦૫/૨૦૨૩

**<u>વિગત</u>** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૦૧/૦૫/૨૦૨૩ થી તા.૦૭/૦૫/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

(૧) કમલાબાગ પોલીસ સ્ટેશનના જા.જોગ રજી.નં.૧૭/૨૦૨૩ તા.૦૮/૦૪/૨૦૨૩ અન્વયે ગુમ થનાર રીધ્ધીબેન અશોકભાઇ વીનુભાઇ સોઢા રહે. મીલપરા શેરી નં.૩ પોરબંદર વાળીને તા.૦૨/૦૫/૨૦૨૩ ના રોજ પો.સબ.ઇન્સ.શ્રી કે.સી.રાણા એ શોધેલ છે.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય:-**

(૧) કીર્તીમંદીર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સસ્પેક્ટર શ્રી વી.પી.પરમાર સાહેબના માર્ગદર્શન અને રાહબરી હેઠળ કિર્તિમંદીર પોલીસ સ્ટાફના માણસો કીર્તિમંદીર પો.સ્ટેમા નોધાયેલ મોબાઈલ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવા પ્રયાશમા હતા તે દરમ્યાન કિર્તિમંદીર પોસ્ટેમા નોધાયેલ ગુ.ર.નં-પાર્ટ એ-૧૧૨૧૮૦૦૬૨૩૦૨૮૪/૨૦૨૩ આઇ.પી..કલમ ૩૭૯ મુજબના કામેનો બનાવ હનુમાનગુફા ચાર રસ્તા પાસે વાઢેર ફુટવેર નામની દુકાનમાથી એક અજાણ્યો ચોર ઈસમ ફરીયાદીની નજર ચુકવી ચોરી કરી ગયેલાના બનાવ અન્વયે વિશ્વાસ પ્રોજેકટનાં સી.સી.ટી.વી.કેમેરા તથા સ્ટાફની મદદથી તથા લોકલ સી.સી.ટી.વી કેમેરા તપાસી ચોર ઈસમની ભાળ મેળવી કિર્તિમંદીર પોસ્ટેના PSI આર.કે.કાંબરીયા તથા પોલીસ સ્ટાફ નાઓને અંગત હ્યુમન સોર્સ મારફતે બાતમી હકીકત મળેલ કે અગાઉ વાઢેર ફુટવેર નામની દુકાનમાથી ચોરી કરનાર ઈસમ દુકાનો તથા લોકો પર નજર રાખી મોબાઈલ ચોરી કરવા શીતલા ચોક પાર્કિંગમાં ઉભેલ છે જે ઈસમે સફેદ તથા દુધીયા કલરનુ ટી-શર્ટ તથા કાળ કલરનુ જિન્સનુ પેન્ટ પહેરેલ છે જે હકીકતના આધારે બાતમી વાળી જગ્યાએ તુરંત પહોચી ત્યા બાતમીમા જણાવ્યા મુજબના વર્ણનવાળો ઈસમ ઉભો હોય જેને કોર્ડન કરી નામઠામ પુછતા પોતે પોતાનું નામ મહમદ ઉર્ફે મામદો નાસીર શાહમદાર ઉ.વ.૩૨ જાતે-મુસ્લીમ ધંધો-મજુરી રહે.નવો કુંભારવાડો બેલાડીયા શેરી પોરબંદરવાળો હોવાનુ જણાવેતા પંચો રૂબરૂ અંગ ઝડતી કરતા કિર્તિમંદીર પોલીસ સ્ટેશનના ઉપરોક્ત ગુનાના કામે ચોરીમા ગયેલ મોબાઈલ ફોન તથા અન્ય બે મોબાઈલ ફોન મળી આવેલ હોય સદર આરોપી બાબતે FACE TRACKER APP. તથા POCKET COP APP.ની મદદથી ચેક કરતા સદર આરોપી વિરૂધ્ધમા અગાઉ મોબાઈલ ફોન

ચોરીના અનેક ગુના નોધાયેલ હોવાની હકીકત જણાય આવેલ જેથી સદર આરોપીની સદર મોબાઈલ ફોન બાબતે યુક્તિ પ્રયુક્તિ પુર્વક પુછપરછ કરતાં (૧) OPPO કંપનીની A17K મોડલનો મોબાઇલ કે જેના IMEI (1) 86015006526747 તથા (2) 860150065267462 જે મોબાઈલ મજકુર ઈસમે હનુમાનગુફા ચાર રસ્તા પાસે આવેલ વાઢેર કુટવેર નામની દુકાનમાંથી ચોરી કરી લીધેલ હોવાનુ જણાવતો હોય તેમજ (૨) VIVO કંપનીનો Y20 મોડલનો મોબાઇલ કે જેના IMEI (૧)નં.863979056694517 નં.(૨)863979045694509 જે મોબાઈલ પોતે એકાદ મહિના પહેલા નજર ચુકવી ચોરી કરેલ હોવાની કબુલાત કરતો તેમજ (૩) SAMSUNG કંપનીનો GALAX-M12 મોડલનો મોબાઇલ કે જેના IMEI નં.(1) 355644562490025 (2) 357542242490027 જે મોબાઈલ પોતેએ ઈન્દ્રેશ્વર મંદિર પાછળ ચોપાટીએ બેસેલ એક અજાણ્યા માણસનો તેની બાજુમાંથી તેની નજર ચુકવી ચોરી કરી લીધેલ હોવાની કબુલાત કરતો હોય આમ સદર આરોપી પાસેથી મળી આવેલ ત્રણે મોબાઈલ ફોન ચોરી કરી મેળવ્યા હોવાની કબુલાત કરતા મજકુર આરોપીને ધોરણસર અટક કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે

(૨) કિર્તિમંદીર પોલીસ સ્ટેશનમા નોધાયેલ દરીયાલાલ ટ્રાન્સપોર્ટના ટ્રક તથા તેમા ભરેલ ૧૪,૩૮,૨૨૧/- ના સામાન ચોરી અંગેના નોધાયેલ ગુનાના આરોપીઓ તથા મુદ્દામાલને કીર્તિમંદીર પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી વી.પી.પરમાર તથા ડી-સ્ટાફ PSI શ્રી આર.કે.કાંબરીયા તથા કીર્તિમંદિર પોલીસ સ્ટાફ તથા એલ.સી.બી.ના HC લક્ષ્મણભાઇ ઓડેદરા, PC વિરેન્દ્રસિંહ પરમારનાઓ તા.૦૨/૦૫/૨૦૨૩ના રોજ નોંધાયેલ કીર્તિમંદીર પો.સ્ટે.ગુ.ર.નં-પાર્ટ એ-૧૧૨૧૮૦૦૬૨૩૦૨૮૯/ ૨૦૨૩ આઇ.પી.સી.કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢવા વિશ્વાસ પ્રોજેકટનાં સી.સી.ટી.વી.કેમેરા તથા સ્ટાફની મદદથી તથા લોકલ સી.સી.ટી.વી કેમેરા તપાસી ચોર ઈસમની ભાળ મેળવી ગુનો શોધી કાઢવા પ્રયત્નશીલ હતા તે દરમ્યાન અંગત હ્યુમન સોર્સીસ મારફતે બાતમી હકીકત મળેલ કે સદરહુ ચોરીમાં ગયેલ માલ સામાન ભરેલ ટ્રક અજય રામભાઇ ઓડેદરા,ઉ.વ.૩૨ રહે.રવિપાર્ક,ગાયત્રીમંદિર સામે,ખાપટ,પોરબંદરવાળો ઈસમ ચોરી કરી ગયેલ હોય સદર બાતમીના આધારે સદર ઈસમને સત્વરે શોધી કાઢી અન્ય સહ આરોપી (૨) રામભાઇ કેશુભાઇ ગોરાણીયા ઉ.વ.૩૨ રહે. એસ.ટી.ડેપો પાસે, પારસનગર,ભાણવડ જી.દેવભુમિ દ્વારકા ના કહેવા મુજબ આરોપી નં.(૩) ઉમરભાઇ તૈયબભાઇ સેઠા ઉ.વ.૪૮ રહે.ત્રણ પાટીયા પાસે,ધારાગઢ સીમ,જી.દેવભુમિ દ્વારકાની વાડીએ ચોરીનો માલસામાન ઉતારી એકબીજાને મદદગારી કરી સદર ટ્રક ચોરી કરેલાની કબુલાત કરેલ હોય જેથી સદર કામે ચોરીમા ગયેલ દરીયાલાલ ટ્રાન્સપોર્ટના ટ્રક તથા તેમા ભરેલ ૧૪,૩૮,૨૨૧/- ના સામાન ગણતરીના કલાકોમા શોધી કાઢી તમામ આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) કીર્તિમંદિર પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી વી.પી.પરમાર સાહેબની સુચના મુજબ ડી-સ્ટાફ PSI શ્રી આર.કે.કાંબરીયા તથા ડી-સ્ટાફના માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં.તે દરમ્યાન પો.કોન્સ.જીતુ રાજશીભાઇ દાસા તથા જય રમેશભાઇ ડાભી ને સંયુક્ત રીતે ખાનગી રાહે બાતમી મળેલ કે,વીરડીપ્લોટ,ટાંકણી પુલ પાસે,જુના પાટા પાસેના ખાંચામાં અમુક ઇસમો ગોળ કુંડાળુ વળી પૈસા-પાના વડે તીનપતીનો હારજીતનો જુગાર રમતા હોય જે હકિકત આધારે સદર જગ્યાએ જઈ રેઇડ કરતા વીરડીપ્લોટ,ટાંકણી પુલ પાસે,જુના પાટા પાસેના ખાંચામાં જાહેરમાં ચાર ઇસમો ગોળ કુંડાળુવળી પૈસા-પાના વડે હારજીતનો જુગાર રમતા હોય જેથી મજકુર ચારેય પાસેથી જુગાર અંગેનુ સાહિત્ય તથા કુલ કિ..રૂ.૧૪,૬૦૦/- રોકડ રકમ ના મુદામાલ સાથે મળી આવી પકડાઇ જતા ગુનો કરેલ હોય મજકુર ચારેય વિરૂધ્ધ જુગારધારા ક.૧૨ મુજબનો ગુનો રજીસ્ટર કરાવી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

(૧) કમલાબાગ પોલીસ સ્ટેશનના તા.૦૭/૦૫/૨૦૨૩ ના રોજ ગોઢાણીયા કોલેજ ખાતે પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા આપવા માટે આવેલ શિવાનીબેન ઘોળકીયા પોતાનો ફોટો ભુલી ગયા હતા. આથી ગોઢાણીયા કોલેજ ખાતે ફરજ બજાવતા મહિલા હેડ કોન્સ. કલ્પનાબેન મકવાણાએ પરીક્ષાર્થીને તાત્કાલીક સ્ટુડીયો ખાતે લઇ જઇ ફોટો પડાવી પરીક્ષા કેન્દ્ર ખાતે સમયસર પહોંચાડેલ હતા.

(૨) ઉધોગનગર પોલીસ સ્ટેશનના તા.૦૩/૦૫/૨૦૨૩ ના રોજ ક.૧૨/૩૦ વાગ્યાના અરશામા અરજદાર જયશ્રીબેન પંકજભાઇ વીઠલાણી રહે.બોખીરા જનકપુરી સોસાયટી વાળાઓ પોલીસ સ્ટેશન આવી જાણ કરેલ કે, આજરોજ રોજ પોતાનો દિકરો શિવમ તેઓની સોસાયટીમા સ્કુટર લઇને જતો હતો. તે દરમ્યાન તેના ખીસ્સામા રહેલ ViVO કંપનીનો T2 મોબાઇલ ફોન કિં.રૂ.૧૮,૦૦૦/- નો તેઓની સોસાયટીની આજુબાજુમા પડી ગયેલ. જેની તપાસ કરતા મળી આવેલ ન હોય. તેવુ જણાવતા ફરજ પરના પી.એસ.ઓ. એચ.બી.ઓડેદરાનાઓએ અરજદારની રજુઆત બાબતે પો.સબ.ઇન્સ.શ્રી કે.એન.ઠાકરીયાનાઓને વિગતથી વાકેફ કરતા, તેઓએ પોલીસ સ્ટાફને અરજદારની રજુઆત બાબતે કાર્યવાહી કરવા જણાવી, સત્વરે પડી ગયેલ મોબાઇલ ફોન બાબતે તપાસ કરવા જણાવતા, પો.હેડ.કોન્સ. વાય.કે.ચુડાસમા તથા પો.કોન્સ. વિજયસિંહ ભોજાભાઇ, સી ટીમ વુ.પો.કોન્સ. ઉર્મીલાબેન છગનભાઇ નાઓ દ્વારા બોખીરા જનકપુરી સોસાયટીની આજુબાજુના વિસ્તારમા તપાસ કરતા, સદરહું મોબાઇલ ફોન નાની બાળકીને મળી આવેલ હોય. જેથી બાળકીને યોગ્ય પ્રોત્સાહન આપી, બાળકી પાસેથી મોબાઇલ મેળવી, અરજદારને પોલીસ સ્ટેશન બોલાવી, ફરજ પરના પો.સ્ટે.ઓ. ભાવનાબેન કારાભાઇ નાઓના હસ્તે અરજદારને તેઓનો મોબાઇલ ફોન પરત સોંપવામા આવેલ. આમ, પોલીસ દ્વારા ફરજ પ્રત્યે સજાગતા બતાવી, તેમજ સુચનાઓને ધ્યાને રાખી, ગણતરીના કલાકોમા પડી ગયેલ મોબાઇલ ફોન શોધી કાઢી, નિષ્ઠાવાન ફરજનુ ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડેલ છે.

(૨) ઉધોગનગર પોલીસ સ્ટેશનના તા.૦૭/૦૫/૨૦૨૩ ના રોજ ધરમપુર નજીક ગાયત્રી એપાર્ટમેન્ટ પાસે બાઇક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમા તલાટીની પરીક્ષા આપવા માટે આવેલ અરજનભાઇ રાણાભાઇ મોરી ઉ.વ.૨૩ રહે.જુનાગઢ વાળાને શરીરે ગંભીર ઇજાઓ થયેલ હોય. જેથી તાત્કાલીક ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનની પી.સી.આર. વાનમા ફરજ પરના પો.કોન્સ ભરતભાઇ નાથાભાઇ તથા હોમ ગાર્ડ બી.જી.ગોઢાણીયા નાઓએ ઇજા પામનાર વ્યક્તિને પી.સી.આર. વાનમા બેસાડી,દવાખાને લઇ જઇ, જરૂરી સારવાર અપાવી, અરજનભાઇને તેના પરીક્ષા સેન્ટર ગોઢાણીયા કોલેજે પહોંચાડવામા આવેલ હતા

(૩) ઉધોગનગર પોલીસ સ્ટેશનના તા.૦૭/૦૫/૨૦૨૩ ના રોજ યાજ્ઞવલક્ય સ્કુલમા તલાટીની પરીક્ષા આપવા માટે આવેલ વિપુલભાઇ ધનશ્યામભાઇ ભુવા રહે.માધવપુર ઘેડ વાળા ચાલી શકતા ન હોય અને હેન્ડીકેપ હોય. જેથી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના પો.કોન્સ.સંજયભાઇ જયંતીભાઇ, યુવરાજસિંહ ધર્મેન્દ્રસિંહ નાઓએ પરીક્ષાર્થીને ખુરશી ઉપર બેસાડી, ઉંચકીને પરીક્ષા ખંડ સુધી પહોંચાડેલ હતા

(નિલમ ગોસ્વામી)
ઇ.ચા.ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર